# જલંધર મંદિર



આ તસવીરમાં જલંધર દરિયાની નજીક આવેલ જલંધર મંદિર નજરે પડે છે. છબી સૌજન્ય શ્રીમાન વિશાલ અરવિંદ.

જલંધર મંદિર દીવ શહેરની દક્ષિણ તરફ જલંધર દરિયાની નજીક આવેલ છે. ઘુંમટ આકારમાં બાંધવામાં આવેલ આ મંદિરનું ક્ષેત્રફળ આશરે ૧૩૫ ચોરસ મીટર છે. આ મંદિર ૩૫૦ વર્ષથી પણ વધું પ્રાચીન છે, જેમાં પથ્થર ઉપર કોતરેલી જલંધરની મુખાકૃતિ બારીમાંથી જોઈ શકાય છે, જે પશ્ચિમાભિમુખ છે.



આ મંદિરમાં પથ્થર ઉપર કોતરેલી જલંધરની મુખાકૃતિ બારીમાંથી જોઈ શકાય છે. છબી સૌજન્ય શ્રીમાન વિશાલ અરવિંદ.

આ સ્થળને જલંધર નામ આપવા પાછળ એક પૌરાણિક લોકવાયકા પ્રચલિત છે. શિવપુરાણમાં જલંધર ક્ષેત્ર તરીકે દીવનો ઉલ્લેખ જોવા મળે છે.

સમુદ્રનો પુત્ર અને લક્ષ્મીજીનો ભાઈ જલંધર અહીં શાસન કરતો હતો અને સત્તાના મદમાં એ એટલો નિરકુંશ બની અત્યાચાર ફેલાવવા લાગ્યો કે ઈશ્વરને સ્વયં એના દર્પને ચૂરચૂર કરવા આવવું પડ્યું. પરંતુ જલંધરની પત્ની વૃંદા સતી હતી અને એને વરદાન હતું કે જ્યાં સુધી એનું સતીત્વ ખંડિત ન થાય ત્યાં સુધી એના પતિનો કોઈ નાશ કરી શકે નહિ. યુદ્ધમાં પ્રયાણ કરતી વખતે વૃંદાએ એના પતિના ગળામાં ફૂલની માળા નાખી હતી અને કહેલ કે જ્યાં સુધી આ માળા કરમાય નહિ ત્યાં સુધી કોઈ તેને મારી શકશે નહિ અને એ માળા ત્યારે જ કર્માશે જયારે તેનું સતીત્વ ખંડિત થશે. દેવહિતાર્થે ભગવાન વિષ્ણુ જલંધરનું રૂપ લઈને વૃંદાનું સતીત્વ ખંડિત કરે છે, જલંધર મરાય છે, એનું મસ્તક વૃંદાના ખોળામાં પડે છે. એ સમયે વિષ્ણુ ભગવાન ત્યાં હોય છે. વૃંદા ભગવાનને પૂછે છે કે તેઓ કોણ છે. પથ્થર હૃદયના બની ભગવાને આવું

નિષ્ઠુર કૃત્ય કર્યું છે, એટલે તેમને પથ્થર બની જવાનો શાપ આપ્યો અને ત્યારે આ પથ્થર બની ગયેલ ભગવાન વિષ્ણુને આજે પણ શાલિગ્રામ સ્વરૂપે પૂજવામાં આવે છે.

ભગવાન પણ વૃંદાને કાષ્ઠ એટલે કે લાકડું બની જવા કહે છે જેને આપણે તુલસી તરીકે પૂજીએ છીએ અને એ બન્નેના વિવાહ દર વર્ષે કારતક સુદ ૧૧ના દિવસે તુલસી વિવાહ તરીકે આજે પણ ઉજવાય છે.

દીવમાં વાંઝા જ્ઞાતિબંધુઓ આ તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવે છે અને ભક્તો ભક્તિભાવથી પૂજા અર્ચના કરે છે. તે ઉપરાંત આ તહેવાર ફૂદમ ગામ તથા બીજા અન્ય ગામોમાં પણ હર્ષોલ્લાસથી ઉજવાય છે. એક દિવસ ઠાકોરજી લગ્ન કરવા તુલસીમાતા સાથે જાય છે અને બીજા દિવસે એટલે કે બારસના દિવસે પાછા ફરે છે.

વેકરીયા વિસ્તારમાં વસતાં વાંઝા જ્ઞાતિના પરિવારો પ્રત્યેક વર્ષે જેઠ અને અષાઢ મહિનાના કોઈ એક શનિવારે જલંધરના મંદિરે હનુમાનજીને સમર્પિત મલીદો અને નાળિયેર અર્પણ કરે છે. ઉપરાંત આ જ મહિનાઓના કોઈ એક સોમવારે જલંધરને ખીર, રોટલી, અડદના વડાં અને નાળિયેરનું નૈવેદ્ય પણ ધરે છે.

ગોરબાઈના પાવન ઉત્સવ બાદ કરોઠાંનો રિવાજ પ્રચલિત છે જયારે આપણી જ્ઞાતિની કન્યાઓ અને મહિલાઓ જલંધરને રોટલી, ખીર, અડદના વડાં, નાળિયેર, ચૂંદડી અને ફૂલની પાતરી અર્પણ કરે છે. આ નૈવેદ્યનું બાદમાં દરિયામાં વિસર્જન કરે છે. ત્યારબાદ, જલંધર મંદિરે હમચી ખૂંદે છે અને મોજમજા કરી પાછા ઘરે ફરે છે.

**દીપક કનકસિંહ**

સંકલનકર્તા

આ લેખના ગુજરાતી ભાશાકીય સુધારો કરી આપવા બદલ હું મારા ભાઈ પ્રદીપ વસંતલાલનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આ લેખમાં દર્શાવેલ તસવીરો ઉપલબ્ધ કરી આપવા બદલ હું શ્રીમાન વિશાલ અરવિંદનો ખૂબ ખૂબ આભારી છું.

જેઠ અને અષાઢ મહિનામાં જલંધર મંદિરે અર્પણ કરાતા નૈવેદ્યની માહિતી પૂરી પાડવા બદલ હું શ્રીમતી વિલાસકુમારી ગુલાબચંદનો ખૂબ ખૂબ આભારી છું.

જલંધર મંદિરે થતા કરોઠાંના રિવાજની માહિતી પૂરી પાડવા બદલ હું શ્રીમતી કીર્તિ મણિલાલનો પણ ઘણો આભારી છું.



જલંધર મંદિર. છબી સૌજન્ય શ્રીમાન વિશાલ અરવિંદ.

DIU VANZA DARJI SAMAJ UK




જલંધરની જગ્યા માટે